
## વડીલોને વંદન અભિનંદન



ઈન્દ્રવદન સી. પંડ્યા
(૧૯૫૧) મો. ૯૯૨૪૧૧૫૨૫૪



અર્જુનસિંહજી પી. વાઘેલા
(૧૯૪૩)




છેલ્લા કેટલાંક સમયથી વિહાર કરતા જૈનમુનિઓ કે જેઓને વિહાર સમયે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. તેઓ ઉપર ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ખુબ જ ઓછા સમયમાં વ્યાપક પ્રમાણમાં ખાસ કરીને ટ્રક દ્વારા જ પ્રાણઘાતક અકસ્માતરૂપી હુમલાઓ થાય છે અને સાધુમુનિશ્રીઓ તત્કાલ દેવગમન(મૃત્યુ) થતા હોય છે. આ સંદર્ભે, રાજ્ય સરકારના ગૌસંવર્ધન મંત્રી તારાચંદભાઈ છેડાની ઉપસ્થિતિમાં આચાર્યશ્રી સંજયમુનીજી મહારાજ સાહેબ, મુખ્યમંત્રીશ્રી શ્રીમતિ આનંદીબેન પટેલને મળ્યા હતા અને હાઈવે ઉપર થતા અકસ્માતો તથા આ હુમલાઓ થવા પાછળ અસામાજિક તત્વોનું ષડયંત્ર હોવાની બાબતો ઉભરી આવતી હોવાથી આવા બનાવો નિવારવા એક ખાસ સમિતિ બનાવી તે અંગે તપાસ કરવા અનુરોધ કર્યો હતો. તથા વિહાર કરતા જૈનમુનિઓને પોલીસ પેટ્રોલિંગ સુરક્ષા આપવા અને કતલખાના સંપૂર્ણપણે બંધ કરવા માટે આવેદનપત્ર આપ્યું હતું. આ પરત્વે મુખ્યમંત્રીશ્રીએ સકારાત્મક અભિગમ અપનાવી કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

# આર્મી દ્વારા વિદ્યાર્થીઓને યુદ્ધની તૈયારીઓનું લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવાયું

## પરબત અલી બ્રિગેડ દ્વારા શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને આર્મીની કામગીરી-તાલીમ અને રૂપ-ગ્રુપની માહિતી અપાઈ

ગાંધીનગર, તા.૭

ઈન્ડીયન આર્મી કે જે દેશની સરહદો પર સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત આતંકવાદી હુમલા, યુદ્ધો, કુદરતી આપત્તીમાં બચાવ કામગીરી સહીતની આર્મીની કામગીરી શું છે? કેવી રીતે પોતાને ટ્રેઈન કરે છે? આર્મીનું શું અલગ અલગ રૂપ-ગ્રુપ હોય છે? આર્મીની વવિધ બટાલીયન નો ઈતિહાસ શું છે? તે સહીતની માહિતી વિદ્યાર્થીઓને



વિવિધ કામગીરી પોતાના જીવનાં જોખમે કરે છે તે આર્મી અંગે શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને માહીતગાર કરવા આજે ગાંધીનગર નજીક આર્મી હેડકવાર્ટર ખાતે પરબત અલી બટાલીયન દ્વારા યુદ્ધની તૈયારીઓનું લાઈવ ડેમોસ્ટ્રેશન તથા આર્મીમેનની તાલીમ બતાવાઈ હતી. અમદાવાદ અને ગાંધીનગરની કેટલીક શાળા કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ લાઈવ ડેમોસ્ટ્રેશન જોઈ દેશની સુરક્ષામાં ઈન્ડીયન આર્મી મજબુત અને સક્ષમ હોવાનો ભરોસો અને વિશ્વાસ વ્યકત કર્યો હતો.

આપવામાં આવી હતી તે ઉપરાંત ગ્રાઉન્ડ પર વિદ્યાર્થીઓને લઈ જઈ ટ્રેનીંગ કોર્સની જાણકારી આપ્યા બાદ ઈન્ડોર શુટીંગ રેન્જ બતાવવામાં આવ્યું હતું. આર્મી યુદ્ધનું ઓપરેશન કેવી રીતે પાર પડે છે તેનું લાઈવ ડેમોસ્ટ્રેશન કલોઝ કવાર્ટર બેટલમાં લઈ જઈ વિદ્યાર્થીઓને બતાવવામાં આવ્યું હતું. જો કે ગુજરાતમાંથી ખુબ ઓછા યુવાનો ફોર્સ જોઈન કરતાં હોવાનો વસવસો પણ પરબત અલી બટાલીયનના કમાન્ડર અનીલ બેનીવાલે વ્યકત કર્યો હતો.

## ખોરજ રોડ પર અજાણ્યા વાહનની અડફેટે શ્રમિકનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં અકસ્માતોનું પ્રમાણ ખુબ વધી જવા પામ્યું છે. ગઈ મોડી સાંજે ગાંધીનગર-સરખેજ હાઈવે ઉપર ખોરજ પાસે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં એક શ્રમિકનું મૃત્યુ થવા પામ્યું છે. એસ.જી. હાઈવે પર ખોરજ રોડ પરથી બેફામ ગતિએ પસાર થઈ રહેલા અજાણ્યા વાહને અદાણી શાંતિગ્રામના વળાંક નજીક એક મજુરને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી નાંખ્યો છે. કાર સાથે આરોપી ચાલક પળભરમાં રફુચક્કર થઈ ગયો હતો. અડાલજ પોલીસે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કરી પીએસઆઈ બી.કે. વાઘેલાએ વધુ તપાસ શરૂ કરી છે.

## રામકથાની પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૧૨-સીના રહીશો દ્વારા નવરાત્રિ ચોક સેકટર-૧૨-સી ખાતે રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથા પ.પૂ. પ્રહલાદદાસ બાપુની વ્યાસપીઠે યોજાઈ રહી છે ત્યારે તા. ૩૧ જાન્યુઆરીના રોજ પ્રારંભ થયેલ કથાની પૂર્ણાહુતિ આજ રોજ રવિવારે કરવામાં આવશે. આ ધાર્મિક કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

# ગુજરાતમાં સ્વાઈન ફલુથી વધુ પાંચના મોત

## પહેલી જાન્યુઆરી બાદથી ગુજરાતમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા વધીને ૬૨૭ થઈ : સેકડો દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ : લોકોમાં ભારે દહેશત

અમદાવાદ, તા. ૭

ગુજરાત રાજ્યના જુદા જુદા શહેરોમાં આજે સ્વાઈન ફલુના વધુ નવા ૭૦ કેસો નોંધાયા હતા જે પૈકી પાંચના મોત થયા છે. સત્તાવાર આંકડા મુજબ પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી હજુ સુધી સ્વાઈન ફલુના ૬૨૭ કેસો નોંધાઈ ચુક્યા છે જે પૈકી મૃત્યુઆંક આજે વધીને ૭૧ પર પહોંચ્યો હતો. આજે કચ્છમાં બે, અમદાવાદમાં એક, અમરેલીમાં એક અને સુરતમાં એકનું મોત થયું હતું. સ્વાઈનવ ફલુનો કાળોકેર જારી રહ્યો છે. આજે જે વિસ્તારમાં નવા કેસ નોંધાયા હતા તે પૈકી સુરતમાં ૨૧, કચ્છમાં ૧૦, વડોદરામાં આઠ, રાજકોટમાં ૭, અમદાવાદમાં ૬, અમરેલીમાં ત્રણ, ભાવનગરમાં ત્રણ, પાટણમાં બે, ભરુચમાં બે કેસો નોંધાયા હતા. ગાંધીનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, નવસારી, ખેડા, છોટાઉદેપુર અને મોરબીમાં એક-એક કેસ નોંધાયા છે. સ્વાઈન ફલુ રોગનો ખતરો સતત વધી રહ્યો છે. ગુજરાતભરમાં સ્વાઈન ફલુ વધુ વકર્યો છે. આજે વધુ પાંચ લોકોના સ્વાઈન ફલુના કારણે મોત થયા હતા. જ્યારે સ્વાઈન ફલુના નવા ૭૦ કેસો નોંધાયા છે. જેથી કેસોની સંખ્યા વધીને ૬૨૭ સુધી પહોંચી ગઈ હતી. આજે જે વિસ્તારમાં મોત થયા હતા તે પૈકી કચ્છમાં ૨, અમદાવાદમાં એકના મોતનો સમાવેશ થાય છે. રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રી નીતિન પટેલ કહી ચુક્યા છે કે, સ્વાઈન ફલુ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં સ્વાઈન ફલુની હાલની પરિસ્થિતિ ઉપર ઝીણવટભરી તકેદારી રાખવામાં આવી રહી છે. હાલમાં દેશમાં અન્ય રાજ્યો જેવા કે દિલ્હી, તેલંગણા, રાજસ્થાન, હરિયાણા, પંજાબ, મહારાષ્ટ્ર, કેરાલા અને વેસ્ટ બેંગાલમાં પણ સ્વાઈન ફલુના કેસોમાં વધારો જોવા મળ્યા છે. રાજ્યમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યામાં વધારો ધ્યાનમાં આવતા જ રાજ્યના આરોગ્ય વિભાગે આ રોગના અટકાયત માટે તથા સારવાર વ્યવસ્થાપનના તંત્રને સાબદુ કરી દીધું છે. અગાઉના વર્ષોમાં પણ જ્યારે સ્વાઈન ફલુના કેસોમાં વધારો નોંધાયો હતો ત્યારે રાજ્ય સરકારે સઘન પ્રયત્નો દ્વારા આ રોગચાળાને કારણે થતી માંદગી અને મૃત્યુને ઘટાડ્યા હતા. સ્વાઈન ફલુ રોગને રોકવા માટે તંત્ર સજ્જ હોવા છતાં આ રોગ બેકાબૂ બનેલો છે, મોતનો આંકડો વધી રહ્યો છે. સ્વાઈન ફલુને લઈને અલગ શહેરોમાં હોસ્પિટલની ખાસ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. હજુ પણ સેંકડો દર્દીઓ સારવાર હેઠળ હોવાની માહિતી મળી રહી છે.

# ૧૮થી લશ્કરી ભરતી મેળાનું આયોજન : જોરદાર ઉત્સાહ

## પસંદગી પામવા શારીરિક ક્ષમતા, કસોટી તેમજ તબીબી પરીક્ષા તેમજ સામાન્ય પ્રવેશ પણ પરીક્ષા આપવી પડશે

લશ્કરમાં ભરતી થઈને દેશ સેવાની સાથે સાથે રોજગારી મેળવવા ઈચ્છતા યુવાનો માટે આગામી ૧૮થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમિયાન ધર્મેન્દ્ર કોલેજ ગ્રાઉન્ડ, યાજ્ઞિક રોડ, રાજકોટ ખાતે ઓપન લશ્કરી ભરતી મેળો યોજાશે. ઉમેદવારોએ પસંદગી પાવા માટે શારીરિક ક્ષમતા કસોટી, ડોક્ટર પરીક્ષા તેમજ સામાન્ય પ્રવેશ પરીક્ષા એમ ત્રણ પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે. આગામી ૧૮મી ફેબ્રુઆરીએ સવારે ૩.૦૦ કલાકેથી યોજાનાર લશ્કરી ભરતી મેળામાં સોલ્જર જનરલ ડ્યુટી, સોલ્જર ટેકનિકલ, સોલ્જર કલાર્ક અને સોલ્જર ટેકનિકલ નર્સિંગ આસીસ્ટન્ટ કક્ષાની ભરતી યોજાશે. ઉમેદવારો લશ્કરમાં ભરતી માટેના વિવિધકક્ષા પ્રમાણેની ઉંમર, શૈક્ષણિક લાયકાત, ઉંચાઈ, વજન અને છાતીના માપના નક્કી કરાયેલા માપદંડ ધરાવતા હોવા જોઈએ. એનસીસીના કેડેટ્સ તેમજ સૈનિક, માજી સૈનિકના પુત્ર અને રમતવીરોને નિયમ મુજબના લાભ આપવામાં આવશે. રાજકોટ ખાતે યોજાનાર ભરતી મેળામાં સુરેન્દ્રનગર અને કચ્છના ઉમેદવારો માટે ૧૮મી ફેબ્રુઆરી, જામનગર અને દેવભૂમિ દ્વારકા માટે ૧૯મી ફેબ્રુઆરી, ભાવનગર અને દીવ માટે ૨૦મી ફેબ્રુઆરી, અમરેલી, રાજકોટ અને મોરબી માટે ૨૨મી ફેબ્રુઆરી, જૂનાગઢ અને પોરબંદર માટે ૨૩મી ફેબ્રુઆરી તેમજ બોટાદ અને ગીર સોમનાથના ઉમેદવારો માટે ૨૪મી ફેબ્રુઆરીએ ભરતી યોજાશે. ઉલ્લેખનીય છે કે, ભરતી પ્રક્રિયા પ્રવેશ દ્વાર સવારે ૮.૦૦ કલાકે બંધ કરી દેવામાં આવશે. આ ભરતી અંગે વધુ માહિતી માટે આર્મી રીક્રુટમેન્ટ હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૨૮૮૬૪૬૪, આર્મી રીક્રુટીંગ ઓફિસ જામનગર- ૦૨૮૮-૨૫૫૦૩૪૬ અથવા નજીકના જિલ્લા રોજગાર કચેરીનો કામકાજના દિવસ દરમિયાન સંપર્ક કરી શકાશે.

## કેન્સર જાગૃતિ રેલીમાં પ્રેરણા સ્કુલ જોડાઈ

ગાંધીનગર, તા.૭

વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે લોકોમાં જનજાગૃતિ કેળવાય તે હેતુથી રેસ ટુ રેન ઈન કેન્સર નામની સંસ્થા અને પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિ.ના સંયુકત ઉપક્રમે યોજાયેલ રેલીમાં પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ રેલી ઘ-૪ ખાતેથી પ્રસ્થાન થઈને ઘ-૨ ખાતે પહોંચી હતી. જેમાં સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, યુનિ.ના વિદ્યાર્થીઓ તેમજ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓની સાથે સાથે આચાર્ય મનીષભાઈ ખત્રી અને શાળાના શિક્ષકો પણ જોડાયા હતા. કેન્સરનો ભોગ બનનારને જરુરી સહાય, હૂંફ અને માર્ગદર્શન મળી રહે તેમજ કેન્સરનો ડર દુર કરી લોકોમાં કેન્સર વિશે જનજાગૃતિ કેળવાય તેમજ કેન્સરને કેન્સલ કરવાના હેતુથી પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ખુબ જ સુચક પ્લે કાર્ડઝ, બેનર તેમજ સૂત્રોચ્ચાર કર્યા હતા.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજે આભાર વ્યકત કર્યો

ગાંધીનગર, તા.૭

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દ્વારા બાવીસમો સમુહ લગ્નોત્સવ દહેગામ ખાતે ગત ૧ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. સમુહ લગ્નોત્સવમાં ૨૧ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા. ત્યારે સમુહ લગ્નોત્સવને સફળ બનાવવામાં દાતાઓ, સ્વયંસેવક ભાઈઓ-બહેનો અને જ્ઞાતિ બંધુઓએ યોગદાન આપવા બદલ સમાજના પ્રમુખ નારણભાઈ પ્રજાપતિએ આભાર વ્યકત કર્યો છે.

# વિશ્વ કેન્સર દિવસના ઉપક્રમે કાઈઝન હોસ્પિટલ દ્વારા જીઆઈ કેન્સર જાગરુકતા સપ્તાહની ઉજવણી

અમદાવાદ, તા. ૭

અન્ય રોગોની તુલનાએ કેન્સર એ વિશ્વભરમાં માનવજાત સામેનું સૌથી ગંભીર જોખમ બની ગયું છે. ભારતીય વસતિ ગણતરીના આંકડા અનુસાર ભારતમાં કેન્સરને કારણે મૃત્યુ પામનારા લોકોનું પ્રમાણ ઘણું વધારે અને ચિંતાજનક છે. ભારતમાં દર વર્ષે આશરે ૦.૩ મિલિયન લોકો કેન્સરને કારણે મોતને ભેટે છે. કેન્સર એ દેશમાં મૃત્યુ માટે જવાબદાર સૌથી ગંભીર રોગોમાં બીજો સૌથી જીવલેણ રોગ છે. દેશમાં કેન્સરથી મૃત્યુ પામનારાઓની સંખ્યા ઉત્તરપ્રદેશમાં સૌથુ વધુ છે, જ્યારે ગુજરાત તમાં આઠમાં ક્રમે છે.

નેશનલ કેન્સર રજિસ્ટ્રી પ્રોગ્રામ (એનસીઆરપી)ના અંદાજ અનુસાર ભારતમાં દર વર્ષે કેન્સરના ૧૦ લાખ નવા કેસો નોંધાય છે. આથી લોકોમાં આ રોગ અંગે જાગરુકતા ફેલાવવા માટે ગુજરાતની સૌપ્રથમ ગેસ્ટ્રોએન્ટરોલોજી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ જીઆઈ કેન્સર, કાઈઝેન હોસ્પિટલ દ્વારા આ પહેલ હાથ ધરાઈ છે. ૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વ કેન્સર દિવસના ઉપક્રમે કાઈઝેન હોસ્પિટલ ૪ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમિયાન જીઆઈ કેન્સર અવેરનેસ સપ્તાહ મનાવશે.

આ કાર્યક્રમ અંતર્ગત કાઈઝેન હોસ્પિટલના નિષ્ણાતોની ટીમ દ્વારા જીઆઈ કેન્સરનું નિઃશુલ્ક સ્ક્રીનિંગ અને ડિસ્કાઉન્ટ દરે વિવિધ પરિક્ષણો કરી આપશે. આ ઉપરાંત આ કાર્યક્રમ અંતર્ગત નિષ્ણાત તબીબો દ્વારા સેકન્ડ એક્સપર્ટ ઓપિનિયન પણ નિઃશુલ્ક ઉપલબ્ધ બનાવાશે. દરરોજ કાઈઝેન હોસ્પિટલ ખાતે જીઆઈ કેન્સર અંગે જાગૃતિના સત્ર યોજવામાં આવશે જેમાં લોકો નોંધણી દ્વારા ભાગ લઈ શકશે. જીવનશૈલીમાં ફેરફાર અને ખોરાકની ટેવમાં બદલાવને કારણે જીઆઈ કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે.

# શેલ્બી હૉસ્પિટલ્સનો મિડલ ઈસ્ટમાં પ્રવેશ

અમદાવાદ, તા.૭

વિશ્વનાં જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં સૌથી મોટાં કેન્દ્રોમાં પોતાનું સ્થાન વધુ મજબૂત કરવાના વધુ એક કદમ તરીકે અમદાવાદની અગ્રણી તબીબી સંસ્થા શેલ્બી હૉસ્પિટલ્સે આરબ હેલ્થ કૅરની ફલેગશીપ બ્રાન્ડ દુબઈ સ્થિત આરએકે હૉસ્પિટલ, યુએઈ સાથે સંયુક્ત સાહસ માટેના કરાર કર્યા છે. આ દ્વારા શેલ્બી તેમની ટોટલ ની-રિપ્લેસમેન્ટ (ટીકેઆર) સર્જરીની ઈનોવેટિવ '૦' ટેકનિક (ઝીરો ટેકનિક) યુએઈ લઈ જઈ શકશે અને દુનિયાભરમાં આરએકે હૉસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને તેનો લાભ મળશે.

ટીકેઆર ઉપરાંત, શેલ્બી આરએકે હૉસ્પિટલના ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટની વ્યવસ્થા સંભાળવા ઉપરાંત સાઉદી અરેબિયા, કુવૈત, યુનાઈટેડ આરબ એમિરેટ્સ, કતાર, બહેરીન અને ઓમાન સહિતના મિડલ ઈસ્ટના ૬ દેશોના ગલ્ફ કો-ઓપરેશન કાઉન્સિલ (જીસીસી)ના જોડાણથી આવતા દર્દીઓની સાથે સાથે સ્થાનિક તથા આફ્રિકા, ઈજીપ્ત, મસ્કત, યુએસએ, યુકે અને અન્ય કેટલાંક દેશોમાંથી ઈન્ટરનેશનલ પેશન્ટસનું વ્યવસ્થાપન સંભાળશે.

આ કરારના ભાગરૂપે ડો. વિક્રમ શાહ, ચેરમેન અને હેડ ઓફ ઓર્થોપેડિક્સ ડિપાર્ટમેન્ટ, શેલ્બી હૉસ્પિટલ ઉપરાંત મેડિકલ સ્પેશ્યાલિસ્ટસની અનુભવી ટીમ નિયમિતપણે આરએકે હૉસ્પિટલની મુલાકાત લઈ જોઈન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રની અને ખાસ કરીને ટોટલ ની-રિપ્લેસમેન્ટ (ટીકેઆર) અને ટોટલ હીપ રિપ્લેસમેન્ટ (ટીએચઆર)ના ઓપરેશન કરશે. ડો. શાહે ટીકેઆર માટેની '૦' ટેકનિક (ઝીરો ટેકનિક) રજૂ કરી છે તથા તેમાં ઈનોવેશન કર્યા છે અને તેની મારફતે તેમની ટીમ દુનિયાભરના અન્ય ડોકટરો દ્વારા અપ્રકારના ઓપરેશનમાં લેવાતા બે કલાકની તુલનામાં ઘણાં ઓછા સમયમાં ઓપરેશન કરી શકે છે. આ બાબતને હેલ્થ કૅરના ઈતિહાસમાં સર્જીકલ રિવોલ્યુશન ગણવામાં આવે છે. દરેક સ્ટેપનો લઘુત્તમ ઉપયોગ કરીને કરાતા ટોટલ ની-રિપ્લેસમેન્ટના ઓપરેશન પછી દર્દી શસ્ત્રક્રિયાના ત્રણ કલાકની અંદર જ ચાલવાનું શરૂ કરી શકે છે.

આ સંયુક્ત સાહસ અંગે બોલતાં ડો. વિક્રમ શાહ જણાવે છે કે ''આરએકે હૉસ્પિટલ મારફતે અમે શેલ્બીની નિપુણતા યુએઈમાં ઓફર કરતાં આનંદ અનુભવીએ છીએ. અમારા અમદાવાદ ખાતેના પેશન્ટ કૅર સેન્ટરમાં અમે દર મહિને મિડલ ઈસ્ટ અને આફ્રિકાના આશરે ૨૦૦ દર્દીઓની સંભાળ લઈએ છીએ. હવે અમે આ નિપુણતાનો લાભ આરએકે હૉસ્પિટલ મારફતે અન્ય સ્થળોના દર્દીઓને પણ પૂરો પાડીશું.''

## શબ્દાવલી - ૫૬૩૮



**આડી ચાવી**

૧. પ્રજાના પ્રતિનિધિની સભા (૪)
૩. યોગ્ય, ઉચિત (૩)
૫. વેલ (૨)
૬. કિર્તિ, આબરૂ, પ્રતિષ્ઠા(૨)
૮. પ્રધાન, શરતંજનું મહોરુ (૩)
૯. એક તેજાનો, ઝાડની છાલ (૨)
૧૧. સમારકામ, મરમ્મત (૩)
૧૨. ચોમાસુ પાક (૩)
૧૪. ભાવ, રેટ (૨)
૧૬. જીદ (૨)
૧૭. આદર સત્કાર, પરોણાગત (૪)
૧૯. કુમળુ, મુલાયમ (૩)
૨૦. નાશ, પ્રલય, ગાવાનો ઢંગ (૨)
૨૧. સં[illegible] (૧)

**ઊભી ચાવી**

૧. લોકોના ભલા માટે (૪)
૨. દયા સાથે, દયાળુ (૩)
૩. પૃથ્વીને વીંટળાઇને રહેલું વાયુનું આવરણ (૫)
૪. ખેતીમાં બી માટે કાઢવામાં આવતું અનાજ (૪)
૭. પ્રતિષ્ઠિત, આબરૂદાર (૩)
૧૦. ઘા, વ્રણ (૩)
૧૩. રસમ, રિવાજ, રૂઢિ (૨)
૧૪. મહાભારતમાં વિરાટનગરના રાજાના ૧૦૦ સાળાઓ (૩)
૧૫. અસામાન્ય, અજોડ (૩)
૧૬. સ્હેજ, લગીર (૨)
૧૮. ડર, બીક (૨)

### શબ્દાવલી ૫૬૩૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંગીત (૪) અંતર્યામી (૭) મતમતાંતર (૯) સદરો (૧૦) આભા (૧૨) વિદુષી (૧૩) મલાજો (૧૪) કોસ (૧૫) રામરાજ (૧૭) કદરૂપુ (૧૯) મનવા (૨૦) જાનહવી

**ઊભી ચાવી :-** (૧) સંમતિ (૨) ગીત (૩) તમસ (૪) અંતરો (૫) તર (૬) મીતભાષી (૮) તાંદળજો (૧૦) આદુ (૧૧) યમસદન (૧૨) વિરામચિહ્ન (૧૪) કોકમ (૧૬) જગ (૧૮) રૂવા

## સ્વચ્છતાની સેવા... ● ત્રીજા પાનાનું ચાલુ

ચીંતા કરી કાળજી લે છે. કારણ કે અહિંયા પ્રધાનમંત્રીથી માંડીને વી.આઈ.પી.ઓ આવતા હોય છે. જો કે સ્વચ્છતા જાળવવી એ આપણા સૌની ફરજ છે. પરંતુ ગાંધીનગરની જનતાના સફાઈ વેરાના પૈસાનો ઉપયોગ માત્ર આવા મેળાઓ અને સેમિનારોને સફાઈ અને સાફ સુધરા બતાવવા માટે કરવામાં આવે તેની સામે જનતાની નારાજગી છે.

સેમીનારો, પ્રદર્શનો કે મેળાઓ કરનાર સંસ્થા કે સરકાર પાસે મહાનગરપાલિકાએ ખાસ દૈનિક ધોરણે સફાઈ પેટે ચોક્કસ રકમ વસુલવી જોઈએ. કરોડો રૂપિયાના ખર્ચે યોજાતા આવા સેમીનારો, મેળાઓ અને પ્રદર્શનોમાં ધનાઢ્ય અને પૈસાવાળા લોકો જ સામેલ થતા હોય છે. ત્યારે આના આયોજકો પાસે દૈનિક ધોરણે રૂપિયા ૧ લાખથી માંડીને રૂપિયા ૫ લાખ સુધીની મામુલી રકમ એડવાન્સમાં વસુલવા મહાનગરપાલિકાએ ઠરાવ કરવો જોઈએ અને સેક્ટરોની સ્વચ્છતાનો ભોગ ન લેવાવો જોઈએ.

ગાંધીનગરની જનતા ત્રણ ઘણો સફાઈવેરો ચુકવવા માનસિક રીતે ત્યારે જ તૈયાર થશે જ્યારે મહાનગરપાલિકા ગાંધીનગર ખાતે છાશવારે યોજાતા સેમીનારો, પ્રદર્શનો અને મેળાઓ પર સફાઈ માટે કોઈ ચોક્કસ નિર્ણય કરી આયોજકો પાસે સફાઈ ચાર્જ એડવાન્સમાં વસુલાત કરવાનુ વિચારે તેમ મહાનગરપાલિકાનાકાઉન્સિલર અશ્વિન વ્યાસે જણાવ્યું છે.

# અમદાવાદ : સ્વાઈન ફલુના વધુ ૬ કેસા

અમદાવાદ, તા.૭

અમદાવાદમાં સ્વાઈન ફલુનો કાળો કેર જારી રહ્યો છે. આજે વધુ છ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ અમદાવાદમાં કેસોની સંખ્યા વધીને ૧૫૭ ઉપર પહોંચી ગઈ છે. જ્યારે અમદાવાદમાં મોતનો આંકડો ૧૩ ઉપર પહોંચ્યો છે. જો કે, બહારથી અમદાવાદમાં સારવાર લેવા આવેલા લોકોના મોતને ગણવામાં આવે તો મોતનો આંકડો ૨૧ થાય છે. સ્વાઈન ફલુથી ગ્રસ્ત સેકડો દર્દી હજુ પણ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે. સ્વાઈન ફલુથી બચવા માટે તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં રોગચાળો બેકાબૂ થયેલો છે. આવનાર દિવસોમાં આ કેસને રોકવા માટે વધુ આક્રમક પગલા લેવામાં આવે તેવી શકયતા છે. પહેલી જાન્યુઆરીથી આંકડા પર નજર કરવામાં આવે તો ચિત્ર ખુબ જ ગંભીરરીતે ઉપસી આવે છે. અમદાવાદમાં આજે વધુ એકનું મોત થયું છે. ગુજરાતના જુદા જુદા વિસ્તારોની સાથે અમદાવાદમાં પણ રોગચાળાએ સકંજો જમાવ્યો છે.

ટ્યૂકડી જાહેર ખબર

**ટ્યુકડી જાહેરાત**

પ્રીમીયમ ઓછુ, જોખમ જાજુ,
ઓછા પ્રીમીયમના
એલ.આઈ.સી. વીમા માટે
આ.પ.સ.વી.મ.

મો. ૯૪૨૭૯ ૦૯૦૩૧
મો. ૯૪૦૮૬ ૪૯૩૯૨

**કોમ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપ્મેન્ટ યુનિટ (સીસીડીયુ)**
ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા
(ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ)
ગ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર

ટુંકી મુદતની જાહેર નિવિદા
**તાલીમ કેલેન્ડર પ્રિન્ટીંગ કામ અંગે**

કાર્યપાલક ઈજનેરશ્રી (સીસીડીયુ) કોમ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનિટ, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, 'ગ' રોડ, ગાંધીનગર દ્વારા તાલીમ કેલેન્ડર પ્રિન્ટીંગ કરવાના કામ માટે રસ ધરાવતા ઠેકેદાર પાસેથી ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૧૯-૨-૨૦૧૫ છે અને ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તા. ૪-૩-૨૦૧૫ના રોજ ૧૬-૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. ટેન્ડરફી રૂ. ૩૦૦/- રોકડમાં અથવા ડીડી દ્વારા સ્વીકારવામાં આવશે. આ અંગેની વિસ્તૃત વિગતો અને શરતોની માહિતી ઉપરોક્ત કચેરી પરથી ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહેશે અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

માહિતી/૨૩૭૦/૨૦૧૪-૧૫